**વંચાણે :-સંયુક્ત નિયામક પગાર ચકાસણી એકમ (ગુજરાત રાજય) "વીમા અને લેખા ભવન" ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નં. હિતિનિ/PVU/ફા.ન.૧૧૩/૨૦૨૪/૭૧૩ તા.૧૩/૦૬/૨૦૨૪**

**વિષય:- સેવાપોથી પગાર બાંધણી ચકાસણી અર્થે રજુ કરવા બાબત.**

---

**જા.નં.ન.કૃ.યુ./હિ.નિ./ઓડીટ/૨૩૦૭/૨૦૨૪** **તા :- ૨૬/૦૭/૨૦૨૪**

ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્રમાં જણાવેલ નોંધના મુદ્દા ન.-૧, મુદ્દા ન.-૨, મુદ્દા ન.-૭ તેમજ અન્ય સુચનાઓની અમલવારી કરવાની રહેશે તથા ઉચ્ચતર પગાર ધોરણ પત્રક -3 માં જણાવેલ સંપૂર્ણ વિગતો ભરી અત્રેની કચેરીમાં પગાર બાંધણી ચકાસણીની દરખાસ્ત રજુ કરવાની રહેશે. આ ઉપરાંત પરિપત્રની અન્ય વિગતો જ્યાં લાગુ પડતી હશે ત્યાં તે મુજબની અમલવારી કરવાની રહેશે.

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલ :- વંચાણે લીધેલ પરિપત્ર**

**નકલ સવિનય રવાના :-** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ સારું તેમજ

૨/- ઉપસચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના સામેલ **પરિપત્રમાં જણાવ્યા મુજબ અમલ થવા સારૂ.**

Letter No: DATG/0086/07/2024 Dt: 16-07-2024


૨૩૨૫૪૩૭૭ (નિયામક)

૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)

૨૩૨૫૨૨૨૮ (હિસાબી અધિકારી)

ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

E mail:- ao1pvu-dat-gnr@gujarat.gov.in

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,

ગુજરાત રાજ્ય

પગાર ચકાસણી એકમ

"વિમા અને લેખા ભવન"

બ્લોક નં.૧૭/૩, સેક્ટર-૧૦ બી, ડૉ.જીવરાજ મહેતા ભવન

ગાંધીનગર - ૩૮૨૦૧૦


નં. હિતિનિ/PVU/ફા.નં.૧૧૩/૨૦૨૪/ તા. /૦૭/૨૦૨૪

પરિપત્ર:-

**વિષય:** સેવાપોથી પગારબાંધણી ચકાસણી અર્થે આ કચેરી ખાતે રજુ કરવા બાબત.

**સંદર્ભ:** આ કચેરીના તા.૧૩-૦૬-૨૦૨૪ ના પરિપત્ર નં.હિતિનિ/PVU/ફા.નં.૧૧૩/૨૦૨૪/૭૧૩

(ઇ-સરકાર પત્ર નંDATG/0084/06/2024 DT.13/06/2024)

આ કચેરી ના સંદર્ભ દર્શિત પરિપત્ર થી**તા.૧૯/૦૬/૨૦૨૪ થી તા.૧૦/૦૭/૨૦૨૪** દરમ્યાન સેવાપોથી અત્રેની કચેરી ખાતે રજુ કરવાની સુચના આપવામાં આવેલ હતી.

હવેથી આગામી**તા.૧૬/૦૭/૨૦૨૪ થી તા.૦૭/૦૮/૨૦૨૪** દરમ્યાન પરિપત્ર સાથેના

(૧) **પત્રક-૧** માં જણાવેલ તારીખ મુજબ જે-તે જિલ્લાના તમામ તાલુકા ના પ્રાથમિક શિક્ષકો ની મેન્યુઅલી પગારબાંધણી ચકાસણી અર્થે સેવાપોથી અત્રેની કચેરી ખાતે રજૂ કરવાની રહેશે.(પ્રાથમિક શિક્ષકોના કેસોમાં જે-તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી એ તેઓની હસ્તક ના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી સાથે સંકલન કરી તમામ તાલુકાના કેસો રજુ કરવાની તથા તાલુકા પ્રમાણેના કેસોની યાદી તાલુકા મુજબ રજુ કરવાની રહેશે.)

(૨) **પત્રક-૨** માં જણાવેલ તારીખ મુજબ જીલ્લાના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોની મેન્યુઅલી પગાર બાંધણી ચકાસણી અર્થે સેવાપોથી અત્રેની કચેરી ખાતે રજુ કરવાની રહેશે.

(૩) **પત્રક-૩** માં જણાવેલ તારીખ મુજબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ના શિક્ષકોની સેવાપોથી મેન્યુઅલી પગાર બાંધણી ચકાસણી અર્થે આ કચેરી ખાતે રજુ કરવાની રહેશે.

(૪) શિક્ષક સિવાયના કર્મચારીઓ ના કિસ્સામાં અત્રે રોજબરોજ મેન્યુઅલી**પગાર બાંધણી ચકાસણી અર્થે કચેરી દીઠ ૩૦ નંગ સેવાપોથી રજુ કરવાની મર્યાદા હતી તેના બદલે રોજબરોજ અમર્યાદિત સંખ્યામાં સેવાપોથી રજુ કરી શકાશે.**

(૫) રાજ્ય ના પોલીસ કર્મચારીઓ ના કિસ્સામાં અત્રે રોજબરોજ મેન્યુઅલી**પગાર બાંધણી ચકાસણી અર્થે કચેરી દીઠ ૫૦ નંગ સેવાપોથી રજુ કરવાની મર્યાદા હતી તેના બદલે રોજબરોજ અમર્યાદિત સંખ્યામાં સેવાપોથી રજુ કરી શકાશે.**

(૬) જો કોઇ કર્મચારી**અવસાન પામેલ હોય / કોર્ટમેટર / કે તા.૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં નિવૃત્ત થનાર હોય તે કર્મચારીઓ** ની મેન્યુઅલી પગાર બાંધણી ચકાસણી અર્થે સેવાપોથી આ પરિપત્રમાં જણાવેલ તારીખ તથા સંખ્યાને ધ્યાને લીધા સિવાય કચેરી ના કામકાજના દિવસો દરમ્યાન પગાર બાંધણી ચકાસણી અર્થે રજુ કરી શકાશે. આ અંગે રજુ થનાર કેસોમાં અવસાન / કોર્ટમેટર / નિવૃત ની તારીખ અવશ્ય દર્શાવવી તથા સંબંધિત સાધનિક કાગળો સામેલ રાખી કેસો રજૂ કરવાના રહેશે.

**નોંધ:-** (૧) ઉચ્ચતર મંજુરી / પગાર બાંધણીના સક્ષમ સત્તાધિકારીના હુકમ/આદેશ માં જાવક નંબર અને તારીખ ફરજીયાત દર્શાવવાની રહેશે.

**(૨)** ઉચ્ચતર પગાર ધોરણ ચકાસણી ના પત્રક-૩/૪ માં કર્મચારી ના પગાર બાંધણી માટે ઘણાં કિસ્સાઓ માં પગાર બાંધણી માટેના વિકલ્પમાં **"લાગુ પડતું નથી"** અથવા **"-----"** તેમ દર્શાવેલ હોય છે જ્યાં ખરેખર વિકલ્પ આપેલ હોય તો સ્પષ્ટ "હા" કે "ના" દર્શાવવું તથા જો વિકલ્પ આપેલ હોય ("હા" દર્શાવેલ હોય) તો કઇ તારીખે પગાર બાંધણી કરવાનો વિકલ્પ આપેલ છે તે તારીખ સ્પષ્ટ દર્શાવવાની રહેશે.

**(૩)** પ્રાથમિક શિક્ષકોના કેસમાં જે તે તાલુકા પંચાયતની સેવાપોથી **૨૦ કરતાં ઓછી રજૂ કરવાની** થતી હોય તો ફાળવેલ તારીખે કે તે પહેલા અત્રેની કચેરીને By Post અથવા રુબરુ મોકલી શકાશે અને તેની સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને તમામ તાલુકાને ફાળવેલ કેસોની યાદી અચૂક પણે રજૂ કરવાની રહેશે. ફાળવેલ તારીખ બાદ By Post અથવા રુબરુ કેસ સ્વીકારવામાં આવશે નહિ.

**(૪)** જિલ્લા ના માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો ની મેન્યુઅલી પગાર બાંધણી ચકાસણી અર્થે સેવાપોથી જે-તે જિલ્લાની **૨૦ કરતાં ઓછી રજૂ કરવાની** થતી હોય તો ફાળવેલ તારીખે કે તે પહેલા અત્રેની કચેરીને By Post અથવા રુબરુ મોકલી શકાશે. ફાળવેલ તારીખ બાદ By Post અથવા રુબરુ કેસ સ્વીકારવામાં આવશે નહિં.

**(૫)** નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ના શિક્ષકો ની મેન્યુઅલી પગાર બાંધણી ચકાસણી અર્થે સેવાપોથી જે-તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ની**૨૦ કરતાં ઓછી રજૂ કરવાની** થતી હોય તો ફાળવેલ તારીખે કે તે પહેલા અત્રેની કચેરીને By Post અથવા રુબરુ મોકલી શકાશે. ફાળવેલ તારીખ બાદ By Post અથવા રુબરુ કેસ સ્વીકારવામાં આવશે નહિં.

**(૬)** અનુદાનિત સંસ્થાઓના મેન્યુઅલી પગાર બાંધણી ચકાસણી અર્થે સેવાપોથી ખાતા ના વડા મારફત અત્રે રજૂ થતાં હોય તે કેસો ખાતાના વડાની કચેરી મારફત અમર્યાદિત સંખ્યામાં રજુ કરી શકાશે.

Letter No: DATG/0086/07/2024 Dt: 16-07-2024

(૭) સરકારશ્રી ના નાણાં વિભાગના તા.૨૬/૦૯/૧૯૯૪ ના ઠરાવ મુજબ પગાર ચકાસણી અંગે નું નિયત નમૂના નું પત્રક-૩/૪ આગળ-પાછળ એક જ પાનાં માં બે-નકલ માં દરખાસ્ત સાથે સામેલ રાખવાનું રહેશે.

(૮) સરકારશ્રી નાણાં વિભાગ ના તા.૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવ મુજબ ૧૦,૨૦,૩૦ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ ના કિસ્સામાં ઉપધો મંજુરી હુકમ/આદેશ માં ઠરાવની શરત નં.૧૩(૪) નો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૯) અત્રેની કચેરી દ્વારા કચેરીના કામકાજ ના સમય દરમ્યાન સમય:૧૪:૦૦ કલાક સુધી જ સેવાપોથી( કોર્ટ કેસ સિવાય) સ્વીકારવામાં આવશે. અને જે કોર્ટ કેસનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવાનો થતો હોય તે કોર્ટ કેસની દરખાસ્ત માન.સંયુકત નિયામકશ્રી(PVU)/હિસાબી અધિકારી વર્ગ-૧(PVU) ને ધ્યાને લાવ્યા સિવાય દરખાસ્ત BY POST/રૂબરૂ/IFMS SYSTEM અથવા અન્ય કોઇ પણ માધ્યમથી અત્રેની કચેરી ખાતે ઇનવર્ડ અર્થે મોકલવામાં આવશે તો વિલંબ અંગે અત્રેની કચેરી ની જવાબદારી રહેશે નહિં.

(૧૦) કોર્ટ કેસના કિસ્સામાં સમય/ફાળવેલ તારીખ/ફાળવેલ સંખ્યાને ધ્યાને લીધા સિવાય કચેરીના કામકાજ ના સમય દરમ્યાન સેવાપોથી/દરખાસ્ત સ્વીકારવામાં આવશે.

(૧૧) કોર્ટ મેટર ના કિસ્સામાં રૂબરૂ છઠ્ઠા/સાતમા પગાર પંચ ના સ્ટીકર તથા સેવાપોથી મેળવવા અર્થે સંબંધિત કચેરી દ્વારા ઓથોરિટી લેટર માં કેસની વિગત સહિત રૂબરૂ સ્ટીકર/સેવાપોથી મેળવનાર કર્મચારી ની તમામ વિગત દર્શાવવાની રહેશે તથા કર્મચારીએ ફરજિયાત તેઓના આઇ.ડી.કાર્ડ ની નકલ રજુ કરવાની રહેશે.

નોંધ પર માન.નિયામકશ્રી(PVU) ના આદેશ મેળવેલ છે.

સંયુક્ત નિયામક

પગાર ચકાસણી એકમ

નકલ સવિનય રવાના પ્રતિ.

(૧) નાયબ સચિવશ્રી , નાણાં વિભાગ, ઘ-શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) નાયબ સચિવશ્રી , તમામ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા આપની તાબાની કચેરીઓને જરૂરી સૂચના આપવાની કાર્યવાહી સારૂ

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી , પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોકનં.૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ આપની તાબાની કચેરીને જરૂરી સૂચના આપવાની કાર્યવાહી સારૂ

(૪) કમિશ્નરશ્રી ,કમિશ્નરશ્રી શાળાઓની કચેરી , બ્લોકનં.૯, ડૉ.જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર તરફ આપની તાબાની કચેરીને જરૂરી સૂચના આપવાની કાર્યવાહી સારૂ

(૫) નાયબ નિયામકશ્રી (વહીવટ), હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર.

(૬) સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી,.................. (તમામ)

(૭) સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી,.................. (તમામ)

(૮) ટી.સી.એસ. હેલ્પ ડેસ્ક તરફ ઓનલાઇન સૂચના આપવાની કાર્યવાહી સારૂ.

NPS / Pension / Audit

OFFICE OF THE COMPTROLLER
INWARD NO. 900
DT.
N.A.U., NAVSARI
25 JUL 2024